શહેરમાં જ્ઞાન પિરસતા ગુરૂઓનું એન.એસ.યુ.આઈ.એ પૂજન કર્યું

પાટીદાર અનામત આંદોલન બિન રાજકીય હોવાનો દાવો

સોમવારે ઘ-૦ થી સત્યાગ્રહ છાવણી સુધી મૌન રેલી નિકળશે : ૫૦ હજાર પાટીદાર ભાઈ-બહેનો રેલીમાં જોડાય તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાતમાં પાટીદાર યુવાનોને વિવિધ ક્ષેત્રે થઈ રહેલા અન્યાય સામે ચાલી રહેલુ અનામત આંદોલન

સંપૂર્ણપણે બિનરાજકીય હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ગાંધીનગરમાં સોમવારે યોજાનાર વિશાળ રેલી પણ મૌન રેલી હશે ત્યાર બાદ પોતાની માંગણી સંદર્ભે જિલ્લા કલેક્ટરને સરદાર પટેલ સેવાદળના પાંચેક અગ્રણીઓ જઈ આવેદનપત્ર પાઠવશે. આશરે ૫૦ હજારની સંખ્યામાં પાટીદારો રેલીમાં જોડાય તેવી શક્યતા છે.

સરદાર પટેલ સેવાદળ ગાંધીનગર જિલ્લા દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખ ગૌરાંગભાઈ પટેલ, ઉપપ્રમુખ પૂર્વીન પટેલ, સંગઠ્ઠન મંત્રી મનોજ પટેલ અને મેહુલ પટેલે જણાવ્યું હતું કે સોમવારે ગાંધીનગર ખાતે સવારે ૮ વાગે ઘ-૦ થી સત્યાગ્રહ છાવણી સુધીની વિશાળ રેલી પાટીદાર અનામત મેળવવા માટે નિકાળવામાં આવશે. ૫૦ હજાર જેટલા પાટીદાર ભાઈ-બહેનો મળીને અસરકારક અવાજ ઉઠાવશે. આ રેલી સંપૂર્ણ પણે બિનરાજકીય હોવાનું તથા કોઈ જ પણ કે સંગઠ્ઠનને આ બાબતે લેવા દેવા ન હોવાનું ઉમેર્યું હતું. પાટીદાર અનામત આંદોલન ગુજરાત રાજ્યમાં પાટીદાર યુવાનોને વિવિધ ક્ષેત્રે એટલે કે સરકારી નોકરીમાં, શિક્ષણ ક્ષેત્રમાં મેરીટ સીસ્ટમમાં થઈ રહેલા અન્યાય સામે અવાજ ઉઠાવવા છેડવામાં આવ્યું છે. સોમવારે મૌન રેલી સંપન્ન થયા બાદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી સરકારનું માંગણી સંદર્ભે ધ્યાન દોરવામાં આવશે.

લાયોનેસ ક્લબે સેક્ટર-૭ સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સાથે ગુરૂપૂર્ણિમા ઉજવી

મહેંદી, સ્પર્ધા અને વૈદિક યજ્ઞ કાર્યક્રમો યોજ્યા

ગાંધીનગર, તા. ૩૧

લાયોનેસ ક્લબ ગાંધીનગર

દ્વારા ગૌરીવ્રત નિમિત્તે સેક્ટર-૭ શાળા દત્તક લેવામાં આવી છે. આજે ગુરૂપૂર્ણિમાના દિવસે ક્લબ દ્વારા મહેંદી હરિફાઈ અને આર્ટ એન્ડ ક્રાફ્ટ સ્પર્ધા યોજવામાં આવી હતી.

લાયોનેસ ક્લબ દ્વારા ગાંધીનગરમાં અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. વાર તહેવારના રોજ શાળાના બાળકો વચ્ચે જઈને તેની ભવ્ય ઉજવણી કરી ખુશી વહેંચે છે. આજે ગુરૂપૂર્ણિમા નિમિત્તે સેક્ટર-૭ સરકારી શાળામાં ગૌરીવ્રત નિમિત્તે વિદ્યાર્થીનીઓને વૈદિકયજ્ઞ અને મહેંદી હરિફાઈ યોજવામાં આવી હતી. પ્રમુખ વૈશાલી જોશી, સેક્રેટરી દક્ષા જાદવ, ગીતા રાણા સહિતના સભ્યોએ વિદ્યાર્થીઓ સાથે આનંદ-ઉલ્લાસ સાથે ગુરૂપૂર્ણિમા પર્વ મનાવ્યું હતું.

જે.એમ. ચૌધરી વિદ્યાલય જુડો સ્પર્ધામાં પ્રથમ

ગાંધીનગર, તા. ૩૧

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ જિલ્લાકક્ષાની અન્ડર-૧૯ની જુડો સ્પર્ધામાં ભાગ લીધો હતો.

જેમાં પ્રથમ સ્થાને વિજેતા બનેલ છે. ચૌધરી મહિમા, ચૌધરી લલિતા, ચૌધરી ચેહર, ચૌધરી મેશ્વા, ચૌધરી ભારતી ડી. ચૌધરી ભારતી એ. ખેલાડીઓને આચાર્યશ્રી સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષિકા ચૌધરી લીલાબેન તથા વિનાક્ષીબેન સુતરિયા તથા શાળા પરિવારે અભિનંદન પાઠવેલ છે. ખેલાડીઓ રાજ્યકક્ષાએ પ્રતિનિધિત્વ કરશે.

નાંદોલની આદર્શ નિવાસી શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૩૧

જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, ગાંધીનગર, શહેર-ગ્રામ્ય દ્વારા આયોજિત શાળાકીય અન્ડર-૧૭ની જુડો સ્પર્ધા સ્કૂલ ઑફ એચીવર, ચિલોડા ખાતે યોજાઈ હતી.

સ્પર્ધામાં નાંદોલની આદર્શ નિવાસી શાળા (વિકસતી જાતિ-કુમાર)ના ખેલાડીઓએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેમાં આંબડ ગભરુ જી. ૪૦ કિ.ગ્રા. વજનમાં પ્રથમ, વસાણી ધર્મેશ આર. ૫૫ કિ.ગ્રા.માં પ્રથમ, ગમરા જીવણ ૬૦ કિ.ગ્રા.માં પ્રથમ સ્થાન મેળવીને શાળાને ગૌરવ અપાવનાર વિદ્યાર્થી બન્યા હતા. આ સ્પર્ધકો હવે રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

ગાંધીનગર જિલ્લાના વિકસાતી જાતિના નાયબ નિયામકશ્રી ઠાકર તથા આચાર્યશ્રી બી.એસ. બારૈયા, વી.કે.ચૌધરી તથા સોનલ વાઘેલાએ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા.

શહેરમાં જ્ઞાન પિરસતા ગુરૂઓનું એન.એસ.યુ.આઈ.એ પૂજન કર્યું

શાળા-કોલેજોમાં જઈને આચાર્યો અને શિક્ષકોને વંદન કરી આશીર્વાદ મેળવ્યા

ગાંધીનગર, તા. ૩૧

ગુરૂનો મહિમા વર્ણવતો દિવસ એટલે ગુરૂપૂર્ણિમા. વૈદિક કાળમાં

ઋષિમુનીઓ દ્વારા શિષ્યોને જ્ઞાન આપવામાં આવતું હતું. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જ્ઞાન પિરસનાર ઋષિમુનિઓને પોતાના ગુરૂ માનતા હતા. ગુરૂપૂર્ણિમાના પાવન અવસરે એન.એસ.યુ.આઈ. દ્વારા શહેરની શાળા કોલેજના ગુરૂઓનું પૂજન કરી ગુરૂપૂર્ણિમા ઉજવી હતી.

ગાંધીનગર એન. એસ. યુ. આઈ. યુવક કોંગ્રેસ દ્વારા ગુરૂપૂર્ણિમા પર્વને મનાવવામાં આવ્યું હતું. શહેરમાં આવેલી સેક્ટર-૮ કોલેજ, સેક્ટર-૨૩ કડી સ્કૂલ, સેંટ ઝેવિયર્સ જેવી શાળાઓમાં જઈને જ્ઞાન પિરસતા ગુરૂઓનું પૂજન-અર્ચન કર્યું હતું અને આશીર્વાદ મેળવ્યા હતા.

એન.એસ.યુ.આઈ. દ્વારા શહેરમાં પ્રથમવાર ગુરૂપૂર્ણિમા દ્વારા શિક્ષકોનું સન્માન કરતો કાર્યક્રમ યોજ્યો હતો. આ પ્રસંગે શાળાના ગુરૂજીઓ પણ ભાવ વિભોર બની ગયા હતા. શાળાનું વાતાવરણ મહેંકી ઉઠ્યું હતું.

ગુજરાત યુવક કોંગ્રેસ મહામંત્રી જયદિપસિંહ ઠાકોર, ગુજરાત એન.એસ.યુ.આઈ. મહામંત્રી અંકિત બારોટ, વેલ્ફેર મેમ્બર વિરેન્દ્રસિંહ ગોહિલ, યુવક કોંગ્રેસ પ્રમુખ કનુભાઈ પટેલ, જયરાજસિંહ વાઘેલા, જયરાજસિંહ બિહોલા, શહેર એન.એસ. યુ. આઈ. કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

સચિવાલય સહકારી ઉપહાર ગૃહની સુવર્ણ જયંતિ નિમિતે આઈ-ચેકઅપ કેમ્પ

ગાંધીનગર, તા.૩૧

ધી સચિવાલય સહકારી ઉપહાર ગૃહ લિમિટેડ સંસ્થાની સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે ડાયાબીટીશ અને આઈ ચેક એપ કેમ્પ યોજાયો હતો.

અમદાવાદ ખાતે પચાસ વર્ષ પૂર્વે સચિવાલય સહકારી ઉપહાર ગૃહની સ્થાપના કરાઈ હતી ત્યારે સ્થાપનાની સુવર્ણ જયંતિ મનાવવામાં આવી હતી. સંસ્થાના સભાસદો અને કર્મચારીઓ તેમજ તેજ આઈ સેન્ટરના સહયોગથી ત્રિદિવસીય કેમ્પ યોજાયો હતો. જેમાં ૨૫૦ સભાસદોએ ડાયાબિટીશ અને આઈ ચેક અપ કરાવ્યું હતું.

કેમ્પનો શુભારંભ ટીવી અભિનેત્રી પિન્કી પરીખ દ્વારા કરવામાં આવ્યો હતો. કેમ્પમાં પ્રદિપસિંહ બિહોલા, પ્રદ્યુમનસિંહ વાઘેલા, ચંદ્રેશ પટેલ, મૌલિક પટેલ, દિપક પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

ટેકવોન્ડોની રમતમાં ચૌધરી શાળાની બહેનો રાજ્યકક્ષાએ ખેલશે

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે ટેકવેન્ડો અન્ડર-૧૯ની રમતસ્પર્ધા યોજાઈ હતી. જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની બહેનો જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન મેળવેલ છે. ચૌધરી રંજન, ચૌધરી જ્યોત્સના, ચૌધરી કિંજલ, ચૌધરી હિના, ચૌધરી અંજના, ચૌધરી વિધિ, ચૌધરી શીતલ, ચૌધરી હિના ખેલાડીઓને આચાર્યાશ્રી સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષિકા ચૌધરી લીલાબેન, વિનાક્ષીબેન સુતરિયા તથા શાળા પરિવારે અભિનંદન પાઠવેલ છે.

ખૂણે ખાંચરેથી...

● બનાસકાંઠાના અસરગ્રસ્તો માટે આજે વધુ ત્રણ હજાર ફુડ પેકેટસ જિલ્લા તંત્ર દ્વારા મોકલાયા હતા.

● જિલ્લામાં આજે ભાજપ અને કોંગ્રેસ દ્વારા ગુરૂ પૂજનના કાર્યક્રમો યોજાતાં રાજકીય ગરમાવો જામ્યો હતો.

● જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હીના પટેલના ડ્રાયવર મુકેશનો આજે જન્મદિવસ હતો. તેણે સૌને મીઠુ મોં કરાવ્યું હતું.

● ગાંધીનગર મહાનગરપાલિકામાંથી આજે બે કર્મચારીઓ એક પ્રકાશ પંડયા અને દીનાબેન કાપડિયા વય મર્યાદાને લઈ નિવૃત્ત થતાં તેમને ભાવભીની વિદાય અપાઈ હતી.

● માર્ગ મકાન વિભાગના સચિવશ્રી એસ.કે. જૈન પણ આજે વયમર્યાદાને લઈ નિવૃત્ત થતાં વિભાગના કર્મચારીઓએ વિદાય સમારોહ યોજી ભાવભીની વિદાય આપી નિવૃત્ત જીવન સુખમય રહે તેવી શુભેચ્છાઓ વ્યકત કરી હતી.

● ધરોઈ ડેમમાં પાણીની આવક ઘટતાં હવે પાણી છોડવામાં પણ ઘટાડો કરાયો છે.

● જિલ્લા પંચાયતની પશુપાલન શાખાની ૧૦ ટીમો બનાસકાંઠા પશુ સારવાર માટે પહોંચી છે.